# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીથી એક લાખ કરોડ રૂપિયાના ખર્ચના સંશોધન વિકાસ અને નવિનતા યોજનાનો પ્રારંભ કરાવ્યો.
2. પ્રધાનમંત્રીએ કહ્યું, દેશમાં નવિનતાની આધુનિક તંત્ર નિર્માણ કરવા સંશોધનને સરળ બનાવવા પર સરકારનું ધ્યાન
3. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારતની પહેલી સેમિકન્ડક્ટર ચિપ સમયસર ઉપલબ્ધ થાય તે કેન્દ્ર અને ગુજરાત સરકારની જવાબદારી
4. પ્રવર્તન નિદેશાલયે અનિલ અંબાણીની ત્રણ હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની 40થી વધુ મિલકતને ટાંચમાં લીધી
5. રાજસ્થાનમાં ટ્રકની ટક્કરથી થયેલા અકસ્માતમાં 13ના મોત – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, અને પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો.
6. બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટેનો પ્રચાર ચરમસીમાએ

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM ESTIC 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત હવે ટૅક્નોલૉજીનું માત્ર ગ્રાહક જ નહીં, પણ તે ટૅક્નોલૉજી પરિવર્તનનું નેતા બની ગયું છે. નવી દિલ્હીના ભારત મંડપમ્- ખાતે આજે ઉભરતા વિજ્ઞાન તથા ટૅક્નોલૉજી નવિનતા સંમેલન 2025નું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું, સરકાર દેશમાં નવિનતાની આધુનિક તંત્ર નિર્માણ કરવા સંશોધનને સરળ બનાવવા પર ધ્યાન આપી રહી છે. તેમણે કહ્યું, વિશ્વના સૌથી વધુ સફળ ડિજિટલ જાહેર માળખાકીય સુવિધાનું દેશમાં નિર્માણ કરાયું છે.

**(BYTE: PM NARENDRA MODI) - DIGITAL**

પ્રધાનમંત્રીએ કહ્યું, તાજેતરના વર્ષોમાં દેશને નવિનતાનું કેન્દ્ર બનાવવા લેવાયેલા નિર્ણય અને બનાવાયેલી નીતિઓનું પરિણામ હવે મળી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું, ગત એક દાયકામાં દેશમાં સંશોધન અને વિકાસ ખર્ચ બમણો થયો છે. નોંધાયેલા પેટન્ટની સંખ્યામાં 17 ગણો વધારો થયો છે. શ્રી મોદીએ ભારતના સ્ટાર્ટ-અપ્સની પણ પ્રશંસા કરી.

**(BYTE: PM NARENDRA MODI) – START UP**

શ્રી મોદીએ કહ્યું, દેશના સૅમિકન્ડક્ટર ક્ષેત્રએ હવે પરિવર્તનલક્ષી કૂદકો લગાવ્યો છે. 21-મી સદીને અભૂતપૂર્વ પરિવર્તનના સમયગાળાનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું, વૈશ્વિક વ્યવસ્થા એક નવા પરિવર્તનનું સાક્ષી બની રહ્યું છે. પરિવર્તનની આ ગતિ નિયમિત ક્રમનું માત્ર પાલન જ નહીં, પણ તેમાં ઝડપથી વૃદ્ધિ પણ થઈ રહી છે. આ પ્રસંગે શ્રી મોદીએ દેશમાં સંશોધન અને વિકાસ તંત્રને પ્રોત્સાહન આપવા એક લાખ કરોડ રૂપિયાના **ખર્ચના સંશોધન વિકાસ અને નવિનતા યોજનાનો પણ પ્રારંભ કરાવ્યો.**

-------------

# GUJARAT ASHWINI VAISHNAW

કેન્દ્રીય રેલવે, ઇલેક્ટ્રોનિક્સ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ગાંધીનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ઉચ્ચ સ્તરની સમીક્ષા બેઠક યોજી. તેમાં રાજ્યની મુખ્ય સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે નિર્માણ પરિયોજનાની પ્રગતિની સમીક્ષા કરી. બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, વરિષ્ઠ અધિકારી અને તાતા, માયક્રોન તથા સીજી સેમિકોન કંપનીના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા.

બેઠકમાં ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન પરિયોજના માટે વીજળી, પાણી અને પૂરવઠા સહિત આવશ્યક સંસાધનોની ઉપલબ્ધતા અંગે ચર્ચા થઈ.

શ્રી વૈષ્ણવે કહ્યું, ભારતની પહેલી સંપૂર્ણ રીતે કાર્યરત્ સેમિકન્ડક્ટર ચિપ સમયસર ઉપલબદ્ધ થાય તે કેન્દ્ર અને રાજ્ય સરકારની સંયુક્ત જવાબદારી છે. અંદાજે 10 મહત્વની પરિયોજનાનો ઉદ્દેશ ગુજરાત ભારતને એક વૈશ્વિક સેમિકન્ડક્ટર કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તે સુનિશ્ચિત કરવાનો છે.

**(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી)**

બેઠક બાદ શ્રી વૈષ્ણવે અમદાવાદમાં હાઈ-સ્પીડ રેલવેમથક સ્થળની મુલાકાત લઈ અમદાવાદ રેલવેમથકના પુનર્વિકાસ કાર્યની સમીક્ષા કરી. તેમણે કહ્યું, હાઈ-સ્પીડ રેલવે એટલે કે બૂલેટ ટ્રેનના મથક લગભગ તૈયાર છે. બૂલેટ ટ્રેન મથક અને અમદાવાદ મથક બંને સંપૂર્ણ રીતે સંકલિત કરાશે. ત્રણ નવા પ્લેટફોર્મ જોડાવવાથી અમદાવાદ રેલવેમથકની ક્ષમતા પણ વધશે તેમ શ્રી વૈષ્ણવે ઉંમેર્યું.

-------------

# REV JAISHANKAR BAHRAIN FM

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું, તાજેતરના વર્ષોમાં ભારત અને બહેરીન વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણમાં સતત વૃદ્ધિ થઈ છે. નવી દિલ્હીમાં પાંચમા ભારત-બહેરીન ઉચ્ચ સંયુક્ત આયોગની બેઠકમાં ડૉક્ટર જયશંકરે કહ્યું, બંને દેશ સંરક્ષણ, સલામતી, વેપાર, વાણિજ્ય, આરોગ્ય, સંસ્કૃતિના ક્ષેત્રમાં દ્વિપક્ષીય રોકાણ અને લોકો વચ્ચે પરસ્પર સંબંધમાં મહત્વના વિકાસના સાક્ષી રહ્યા છે.

વિદેશ મંત્રીએ આવતા મહિને મનામા-માં યોજાનારા શિખર સંમેલનમાં ખાડી સહકાર પરિષદની અધ્યક્ષતા ગ્રહણ કરવા બદલ બહેરીનને શુભેચ્છાઓ આપી. ડૉ. જયશંકરે ભારતીય સમુદાયના કલ્યાણ માટે સમર્થન આપવા અને સંભાળ રાખવા બદલ બહેરીનનો આભાર વ્યક્ત કર્યો.

આ પ્રસંગે બહેરીનના વિદેશમંત્રી ડૉક્ટર અબ્દુલ લતિફ બિન રશીદ અજ ઝયાનીએ કહ્યું, બહેરીન અને ભારત વચ્ચે ઐતિહાસિક વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધ લગભગ પાંચ હજાર વર્ષ જૂના છે. તેમણે કહ્યું, આ સંબંધ વિવિધ ક્ષેત્રમાં આગળ વધ્યા છે. બહેરીનના વિદેશ મંત્રી બે દિવસ ભારત પ્રવાસે નવી દિલ્હીમાં છે.

-------------

## ED ANIL PROPERTIES

પ્રવર્તન નિદેશાલય - ED એ અનિલ અંબાણીના રિલાયન્સ / ઉદ્યોગ સમૂહ સાથે જોડાયેલી ત્રણ હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની 40થી વધુ મિલકતને ટાંચમાં લીધી છે. આ મિલકત દિલ્હી, નોયડા, ગાઝિયાબાદ,

મુંબઈ, પુણે, થાણે, હૈદરાબાદ, ચેન્નઈ, કાંચીપૂરમ્ અને પૂર્વ ગોદાવરીમાં આવેલી છે.

ED-એ અનિલ અંબાણી અને તેમના સમૂહની કંપનીઓ સામે કથિત ધિરાણ છેતરપિંડી સાથે સંકળાયેલા મની લૉન્ડરીંગ કેસની તપાસ મામલે આ 40 મિલકત અસ્થાયી રીતે ટાંચમાં લીધી છે. ED-એ મની લૉન્ડરીંગ નિવારણ કાયદા હેઠળ ગયા મહિને આદેશ જાહેર કર્યા બાદ કાર્યાલય પરિસર, રહેણાંક એકમ સહિતની મિલકત જપ્ત કરી છે.

-------------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## RAJASTHAN ACCIDENT

રાજસ્થાનના જયપુરમાં ટ્રક અકસ્માત દુર્ઘટનામાં મૃતકોની સંખ્યા 13 થઈ છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત છ લોકો હાલ જયપુરની સવાઈ માનસિંહ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. આજે સવારે સિકર રોડ પર પૂરઝડપે આવતા ટ્રક ચાલકે કાબૂ ગુમાવતા ટ્રક કેટલીક કાર અને મોટરસાઈકલ સહિત અન્ય વાહનો સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.

પોલીસે ઘટના સમયે કથિત રીતે કેફી દ્રવ્યનું સેવન કરનારા ટ્રકચાલકની ધરપકડ કરી છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ઇજાગ્રસ્તોને શક્ય તમામ આરોગ્ય સેવા પૂરી પાડવા નિર્દેશ આપ્યો છે. આ દુર્ઘટનાના કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

-------------

## PM JAIPUR MISHAP

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જયપુર દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ આ હૃદયદ્રાવક ઘટનામાં પોતાના સ્વજનોને ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના પણ કરી છે.

ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને દુર્ઘટનાને દુઃખદ ગણાવતા આવા વિકટ સમયે અસરગ્રસ્ત લોકો અને તેમના પરિવાર પ્રત્યે તેમની સંવેદના વ્યક્ત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે-બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયા સહાયની રકમ આપવાની જાહેરાત કરી છે. શ્રી મોદીએ ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના પણ કરી.

-------------

## BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટેનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA અને મહાગઠબંધન બંનેના સ્ટાર પ્રચારક તથા વરિષ્ઠ નેતા વિવિધ મતવિસ્તારમાં અનેક ચૂંટણીસભા અને રેલીઓ યોજી રહ્યા છે.

પહેલા તબક્કાનો ચૂંટણી પ્રચાર આવતીકાલે સાંજે પૂર્ણ થશે. આ તબક્કામાં છ નવેમ્બરે 18 જિલ્લાની 121 વિધાનસભા બેઠક પર મતદાન થશે. દરમિયાન બીજા તબક્કાના મતદાન માટેના પ્રચારે પણ વેગ પકડ્યો છે. સાંભળીએ એક અહેવાલ.

**(VOICE CAST – DHARMENDRA RAI)**

-------------

## OLYMPIC ASSOCIATION

ભારતીય ઑલિમ્પિક સંઘે બહેરીનમાં તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન યુવા રમતોમાં ચંદ્રક જીતનારા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. સુવર્ણ ચંદ્રક વિજેતાને પાંચ લાખ, રજત ચંદ્રક વિજેતાને ત્રણ લાખ અને કાંસ્ય ચંદ્રકના વિજેતાઓને બે લાખ રૂપિયા રોકડ પુરસ્કાર અપાશે.

જ્યારે ચોથા સ્થાને રહેલા દરેક ખેલાડીને 50 હજાર રૂપિયા, તો સુવર્ણ જીતનારી પુરુષ અને મહિલા કબડ્ડી ટીમને 10-10 લાખ રૂપિયા અપાશે. ચંદ્રક વિજેતા ખેલાડીઓના કૉચ એટલે કે, પ્રશિક્ષકોને પણ એક-એક લાખ રૂપિયા ઇનામ મળશે.

-------------